**પોલીસ ઈન્કવાયરી નં. ૭૨ /૨૦૧૮ ના કામે આંક-૧ લગત વધુ હુકમ ::-**

(૧) સાંભળ્યા, કેસનુ રેકર્ડ વંચાણે લેવામા આવેલ છે. રજુ થયેલ આંક-૦૪ વાળો પોલીસ રીપોર્ટ વંચાણે લેવામા આવેલ છે. આ કામના ફરીયાદીની ફરીયાદ વંચાણે લેવામા આવેલ છે.

હાલની ફરીયાદની વિગતો જોવામા આવે તો ફરીયાદીએ પોતાની ફરીયાદમા જણાવેલ છે કે, આરોપીઓ તેઓના સમાજના છે અને તેઓના ઘરે અવરજવર કરતા હતા જેથી તેઓ તથા તેઓના માતા-પિતાની હાજરીમાં કાપડનો ધંધો ભાગીદારીમાં કરવાની વાત કરેલ જેથી તેઓ પાસે પૈસા નથી તો આરોપીઓએ જણાવેલ કે, તેઓ પાસે ધંધાનો અનુભવ છે જેથી તમો ધંધામાં પૈસા ઉછીના લાવી તેઓ સાથે ભાગ કરશો તો મુડી બે વર્ષમાં નીકળી જશે જેથી સને-૨૦૧૬ માં રેડીમેડનો વેપાર ભાગીદારીમાં શરૂ કરેલ અને સારો ચાલેલ જેથી આરોપીઓએ જણાવેલ કે, આપણે બીજી મોટી દુકાન શરૂ કરીએ જેથી તેઓએ કહેલ કે, મૌલીકભાઈ સાથે તેઓ ધંધો કરવા તૈયાર છે અને ગુડડે જીન્સ નામથી રેડીમેડ કપડાનો વેપાર શરૂ કરેલ અને મોટી બે દુકાનો ભાડે લઈ ધંધો શરૂ કરેલ જે ધંધા સારૂ તેઓના પિતાએ અર્બન બેંક, બેચરાજી શાખાની મંડપના ધંધાના નામે કરેલ લોનના રૂ.૫,૦૦,૦૦૦-૦૦ આપેલા તથા રૂ.૩,૦૦,૦૦૦-૦૦ ગામમાંથી ઉછીના લઈ આપેલા. તેઓ દુકાને જતા અને તેઓની ચેકબુકો પણ દુકાનમાં પડી રહેતી હતી જેથી આરોપીઓ બજારમાં ઘણા માણસો પાસેથી તેઓના નામના ચેક ખોટી સહીઓ કરીને આપી અને તેઓના નામે વ્યાજે પૈસા લીધેલા અને ત્યારબાદ તેઓ સાથે ખરાબ વર્તન કરવા લાગેલ અને દુકાનમાં જઈએ તો પિયુષને રોજની આવક અને હિસાબ અંગે પુછીએ તો વેપાર નથી એવી વાતો કરી તેઓને હિસાબો બતાવતા નહતા પરંતુ તેઓને એવુ જણાવેલ બંન્ને ભાઈઓ તેઓની મુડી ઉપર વેપાર કરતા હોવાછતાં તેઓને કોઈ હિસાબ વેચાણની આવક વિગેરે બતાવતા નથી જેથી તેઓએ આરોપીઓને જણાવેલ કે, તેઓને હવે ભાગીદારીમાં કોઈ વેપાર ધંધો કરવો નથી, આપણે હિસાબ કરી લઈએ જેથી તેઓ સાથે હિસાબ કરેલ તે મુજબ તેઓના નામની ખોટી સહી કરી જે ચેક આપેલા તે મુજબની રકમ રૂ.૫૦-૦૦ ના સ્ટેમ્પ ઉપર લખીને સ્વિકારેલી જેમાં આરોપી નં.૧ મૌલિકે સ્ટેમ્પના અંતમાં લખેલ કે, આ તમામ લોકોને આપવાની જવાબદારી તેઓ પોતે પટેલ

મૌલિકકુમાર જયંતિભાઈ લે છે અને તેની નીચે સહી કરેલ છે. આમ, આરોપીઓએ તેઓ ફરિયાદી સાથે મિત્રતાના ઘનિષ્ઠ સબંધોના નાતે ભાગીદારીમાં ધંધો શરૂ કરેલ અને ધંધામાં મુડી બાકી રકમ તમામ મળી રૂ.૪૦,૩૨,૦૦૦-૦૦ બાકી નીકળે છે જે આરોપી નં.૧ આપવા બંધાયેલ છે તેવુ સ્ટેમ્પ ઉપર લખાણ કરેલ છે તેમ છતાં આજદિન સુધી તેઓને આ રકમ ચુકવી આપેલ નથી જેથી આરોપીઓએ તેઓ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોઈ આરોપીઓ સામે ઈ.પી.કો. ૪૦૬,૪૨૦,૪૬૭,૪૭૧ મુજબના ગુનાની દાખલ કરેલ છે.

હાલની ફરીયાદ સાથે રજુ થયેલ સાધનીક કાગળો ધ્યાને લઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદર ફરિયાદ ક્રિમીનીલ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધી મહેસાણા બી ડીવીઝન પો.સ્ટે.માં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૨ મુજબ પોલીસ ઈન્કવાયરીમાં મોકલવાનો હુકમ કરવામાં આવેલ.

(૨) આ કામે મહેસાણા શહેર બી ડીવી પો.સ્ટે.ના તપાસ કરનાર અધિકારીનો આંક-૪ નો રીપોર્ટ તથા તેની સા થેના નિવદનો ધ્યાને લેતા, આ કામના ફરિયાદી સદર કામે વારંવાર તપાસના કામે હાજર રહેવા જણાવવા છતાં ફરિયાદી હાજર રહેતા નથી તથા પટેલ નરોતમદાસ પરષોતમદાસનુ તપાસના કામે નિવેદન નોંધતા તેઓના પૌત્ર આશિષકુમાર ભાઈલાલભાઈ ડીસા મુકામે ગયેલ હોય બે દિવસમાં મોકલી આપીશ તેવુ નિવેદન આપેલ છે તેમ છતાં ફરિયાદી તપાસના કામે તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેલ નથી અને ફરિયાદી પોલીસ તપાસમાં સહકાર આપતા ન હોઈ ફરિયાદી વગર આગળની તપાસ થઈ શકે તેમ ન હોઈ ફરિયાદીના મોબાઈલ ઉપર સંપર્ક કરવામાં આવેલ હોવાછતાં નિવેદન આપવા સારૂ હાજર રહેલ નથી.

(૩) સદર ફરીયાદની હકીકતો જોતા આંક ૦૪ વાળો રીપોર્ટ ધ્યાને લેતા અને ફરિયાદની મુલવણી કરતા ફરિયાદીએ હાલની ફરિયાદ ઈ.પી.કો.કલમ- ૪૦૬,૪૨૦,૪૬૭,૪૭૧ મુજબના ગુના માટે દાખલ કરેલ હોવાનુ જણાય આવે છે અને સદર ફરિયાદ અંગે રજુ થયેલ આંક-૦૪ વાળો રીપોર્ટ ધ્યાને લેતા ફરિયાદીને અવારનવાર નિવેદન આપવા જણાવવા છતાં

નિવેદન આપવા હાજર રહેલ નથી જેથી સદર કામનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરિયાદીએ ફરિયાદના કથનો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા હાલની ફરિયાદનુ રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીએ પોતાની ફરિયાદમાં કરેલ કથનો અન્વયે પોલીસ તપાસમાં કોઈ આધારભુત દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી ઉલ્ટાનુ ફરિયાદીને તપાસનીશ અધિકારીએ એકથી વધુ વખત નિવેદન નોંધવા જાણ કરવા છતાં ફરિયાદીએ પોતાની ફરિયાદના કથનો પુરવાર થાય કે ફરિયાદના કથનોને સમર્થન મળે તે માટે કોઈ નિવેદન લખાવેલ નથી. આ ઉપરાંત રેકર્ડ ધ્યાને લેતા આંક-૪ વાળો રીપોર્ટ રજુ થયા બાદ સદર ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવા તથા સુનાવણી માટે ફરિયાદીને હાજર રહેવા મુદ્દત તા.૨૪-૯-૨૧ ના રોજની નોટીસ ફરિયાદીને કરતા તેવી નોટીસ ફરિયાદીને બજેલ છે તેમછતાં ફરિયાદી પોતાની ફરિયાદના કથનોને સમર્થન આપવા આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી તેમજ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા ફરિયાદીને હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા માટે એકથી વધુ વખત તક આપવામાં આવેલ છે તેમ છતાં ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી સદર ફરિયાદના કામે હાજર રહેલ નથી કે ફરિયાદના કથનોને સમર્થન મળે તેવા કોઈ સાધનીક પુરાવા રજુ કરેલ નથી. આમ, ફરિયાદની વિગતો ધ્યાને લેતા ફરિયાદના કથનો ફરિયાદીએ હાજર રહી પુરવાર કરેલ ન હોય અને તે દિશામાં કોઈ તકેદારી પણ લીધેલ ન હોય જેથી ફરિયાદમાં કરવામાં આવેલ આક્ષેપો અંગે આગળ કાર્યવાહી કરવા કોઈ સંતોષકારક કારણ જણાતુ ન હોય તેમજ ફરિયાદમાં કરેલ કથનો પ્રથમદર્શનીય રીતે માની શકાય તે બાબતે કોઈ આધારભુત પુરાવો ફરિયાદી દ્વારા હાજર થઈ રજુ કરવામાં આવેલ ન હોય જેથી ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા સદર ફરિયાદ ટકવા પાત્ર જણાતી ન હોય અને રેકર્ડ પર જે હકીકત આવેલ છે તે સમગ્ર મટીરીયલ ધ્યાને લેતા પણ ફરીયાદ અન્વયે હાલના તબકકે આગળની કાર્યવાહી કરવા માટે પુરતુ કારણ જણાતુ નથી. જેથી, ઉપરોકત ચર્ચા અનુસાર આ કામે હાલની ફરીયાદ અન્વયે સામાવાળા સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અનુસાર પ્રોસેસ ઈશ્યુ કરવા લાયક પુરતો અને માની શકાય તેટલો આવશ્યક અને જરૂરી પુરતો પુરાવો તથા પુરતુ કારણ રેકર્ડ પરથી ફલીત થતુ ન હોય અને હાલની ફરીયાદ અન્વયે આગળની કાર્યવાહી કરવા માટે પુરતુ કારણ જણાતુ ન હોય તેવા સંજોગોમા ન્યાયના વિશાળ હિતમા નિચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

૧. હાલની ફરીયાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૩ અનુસાર રદ યાને કે નામંજુર કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ માહે જાન્યુઆરી સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તારીખ: ૦૬ / ૦૧ /૨૦૨૨

(અમીત કે.ગોહિલ)
કોડ નં. જી.જે.૦૦૯૫૧
ચોથા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મહેસાણા